પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૧૨-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બીજા તબક્કામાં ૯૩ બેઠકો માટે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન

# સરેરાશ ૫૬ ટકા મતદાન થયું, શહેરી વિસ્તારમાં ઓછું મતદાન

## ૮૩૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો મતદારોએ EVMમાં સીલ કર્યો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો પર આજે બીજા તબક્કાનું મતદાન કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સંપન્ન થયું હતું ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા હતાં જેમાં ૭૬૪ પૂરૂષ અને ૬૯ મહિલા ઉમેદવારો સમાવેશ થાય છે જેમનું ભાવિ મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું હતું. મતદાન માટે ૨૬ હજાર ૪૦૯ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં જેમાં ૮ હજાર ૫૩૩ શહેરી મતદાન મથકો અને ૧૭ હજાર ૮૭૬ ગ્રામ્ય વિસ્તારમા મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં બીજા તબક્કામા ૩૬ હજાર ૪૩૯ બેલેટ યુનિટનો ઉપયોગ થયો હતો અને ૩૬ હજાર ૪૩૯ કંટ્રોલ યુનિટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભાજપના ૨૦ નેતાનું ભાવી મતદારોએ નક્કી કર્યું છે કોંગ્રેસના ૧૨ દિગ્ગજ નેતાઓ મેદાનમાં હતાં

મતદાન સવારે શરૂ થયું હતું જો કે ઠંડી હોવાને કારણે મતદાન ધીમુ રહ્યું હતુ જો કે બપોરે મતદાનમાં વેગ આવ્યો હતો અને મતદાનની ટકાવારી વધી હતી ૯૩ બેઠકો પર સરેરાશ ૫૬ ટકા જેટલું મતદાન રહ્યું હતુ.ગ્રામિણ વિસ્તારોમાં મતદાન વધુ હતું જયારે શહેરી વિસ્તારોમાં મતદાન ઓછું રહેવા પામ્યુ હતું.આ મતદાન ગયા વર્ષ કરતા ઓછું રહેતા રાજકીય પક્ષોના નેતાઓ અને ઉમેદવારોની ઉધ હરામ થઈ જશે તે નક્કી છે જો કે ચુંટણી પરિણામ ૮મી ડિસેમ્બરના રોજ આવશે.

બીજા તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી,મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી અને રાજયપાલ આનંદીબેન પટેલ, કેન્દ્રીય મંત્રી અમિત શાહે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે અમદાવાદમાં મતદાન કર્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હિરાબાએ પણ મતદાન કર્યું હતું. આ ઉપરાંત અનેક વૃધ્ધ મતદારોએ મતદાન કર્યું હતું. પ્રથમ વખત મતદાન કરતા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો કેટલાક સ્થળોએ મતદાન શરૂ થાય તે પહેલા મતદાન મથકો પર લાઈનો જોવા મળી રહી હતી.ક્રિકેટર બંધુઓ ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણે સહપરિવાર સાથે મતદાન કર્યું.



ઈરફાન અને યુસુફ પઠાણે કહ્યું કે કઈ પણ હોય પણ અમે પરિવાર સાથે મતદાન કરવા માટે અવશ્ય આવીએ છીએ આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ચહેરા ઈસુદાન ગઢવીએ અમદાવાદના બોપલના ઘૂમા વિસ્તારમાં મતદાન કર્યુ. તેમણે મતદાન બાદ મોટો દાવો કર્યો. ઈસુદાન ગઢવીએ કહ્યું કે પાર્ટીને બીજા તબક્કામાં ઓછામાં ઓછી ૫૨ બેઠક મળશે. જો કે પહેલા તબક્કાના મતદાનમાં પણ પાર્ટીને ૫૧ બેઠકો મળવાનો દાવો ઈસુદાન ગઢવીએ કર્યો.વડોદરાની સયાજીગંજ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર સ્વેજલ વ્યાસ વિવાદમાં સપડાયા છે. તેમણએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં ઈવીએમમાં મતદાન કરતો વીડિયો મુકતા વિવાદ થયો છે.આણંદમાં મતદાનનું મૂલ્ય સમજાવવાનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. વયોવૃદ્ધ પથારીવશ વૃદ્ધાએ મતદાનમાં ઉત્સાહ દાખવી મિસાલ કાયમ કરી. એમ્બ્યુલન્સમાં મહિલા મતદાર મતદાન મથક પહોંચ્યા. બીમાર અને પથારીવશ હોવા છતાં મતદાન મથક પહોંચી મતદાન કર્યુ હતું વડોદરામાં સરસ્વતી સ્કૂલમાં મતદારોએ હોબાળો મચાવ્યો. મતદારો એક કલાકથી લાઈનમાં ઊભા રહ્યા હોવા છતાં તેમનો નંબર આવતો નથી એવો તેમનો આક્ષેપ હતો. ત્રણ મહિલા અને એક પુરુષને મતદાન કરવા માટે જવા દેવામાં આવતા હોવાથી પુરુષ મતદારો રોષે ભરાયા હતાં

બીજા તબક્કાના મતદાન દરમિયાન અનેક જગ્યાએ ઈવીએમ મશીન ખરાબ થઈ ગયા હતાં જેને કારણે મતદાનમાં અવરોધ ઉભો થયો હતો.જો કે બાદમાં ઈવીએમ મશીન બદલ્યા બાદ મતદાન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના ગઢમાં મતદાન ધીમુ કરાવવામાં આવ્યું છે ચુંટણી પંચના અધિકારીઓએ ભાજપના એજન્ટ તરીકે કામ કર્યુ છે. તેમણે આરોપ લગાવતા કહ્યું હતું કે મતદાનના દિવસે પણ વડાપ્રધાન ચુંટણી પ્રચાર કરી રહ્યાં છે. તેઓએ રાણીપ વિસ્તારમાં મતદાન કર્યા બાદ રોડ શો આયોજીત કર્યો છે અમે આ અંગેની ફરિયાદ ચુંટણી પંચમાં કરવાના છીએ કલોલ ૩૮-વિધાનસભા બેઠકમાં સંત અન્ના સ્કૂલના વોટિંગ બૂથની બહાર ગેરરીતિ થતી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ ઉમેદવાર બળદેવજી ઠાકોર ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં ચોક્કસ પક્ષના લોકો સાથે ગાળાગાળી બાદ મામલો ઝપાઝપી સુધી પહોંચી ગયો હતો, જેથી પોલીસે તાત્કાલિક સ્થળે પહોંચી સમગ્ર મામલો શાંત પાડ્યો હતો.ઊંઝા વિધાનસભામાં આવતા કરલી ગામે બૂથ નજીક ભાજપના સ્ટિકરવાળી ઈનોવા ગાડી આવતાં આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવારો-કાર્યકરો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે પોલીસે આવીને મામલો શાંત પાડ્યો હતો. તો બેચરાજીના બરીયફ ગામે પોતાની પડતર માગણી પૂરી ન થતાં ચૂંટણી બહિષ્કાર કર્યો હતો.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના સૌથી સટિક અને સૌથી ઝડપી એક્ઝિટ પોલ્સ, ગુજરાતમાં ફરી બનશે ભાજપની સરકાર

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો માટે આજે મતદાન યોજાયુ હતું આ મતદાન બાદ વિવિધ પ્રકારના ગુજરાત ઈલેક્શન એકઝીટ પોલ ૨૦૨૨ સામે આવ્યા હતાં જેમાં એકઝીટ પોલમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી શકે છે અને તે ફરી એકવાર સરકાર રચશે એકઝીટ પોલમાં ભાજપને ૧૨૫ થી ૧૩૦ બેઠકો જયારે કોંગ્રેસને ૪૦થી ૫૦ બેઠકો અને આમ આદમી પાર્ટીને ૩ થી ૫ બેઠકો મળે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે આ ઉપરાંત અન્યોને ૩થી ૭ બેઠકો મળશે તેવું જણાવાયુ છે. એકઝીટ પોલ મુજબ ભાજપને ૪૭ ટકા કોંગ્રેસ ૩૫ ટકા આપ ૧૨ ટકા અધર્સ ૬ ટકા સીટો મળશે. જેમા ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે ફરી એકવાર સરકાર બનાવશે. ગુજરાતમાં ભાજપને ૪૫ વોટ શેર મળશે. ૨૭ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ ફરી સત્તાનુ સુકાન સંભાળશે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણના મતદાન બાદ પણ આ રીતે જ એક્ઝિટ પોલ બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારે આ એક્ઝિટ પોલ કેટલા સાચા પડ્યા હતા અને પરિણામમાં તેની અસર જોવા મળી હતી, તેના વિશે જણાવીએ.

જણાવી દઈએ કે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપ દ્વારા ૧૫૦ બેઠકનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, પરંતુ અનેક પાટીદાર, દલિત, ઠાકોર સમાજના સહિતના આંદોલનની અસરને લઈને આ ભાજપનું અનુમાન રગદોળાયું હતું અને આખરે ભાજપને ૯૯ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે કોંગ્રેસ ૨૨ વર્ષથી (તે સમયે) સત્તાથી દૂર રહીને સત્તા હાસલ કરવાની મનસા સાથે જીતની દાવેદારી નોંધાવી રહી હતી. પરંતુ આખરે તેમને પણ ૭૭ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. આમ, કોંગ્રેસને ૨૨ વર્ષ બાદ પણ ફરીથી સત્તાનું સપનું, સપનું જ રહ્યું. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટીને ૨ બે બેઠક, જગ્નેશ મેવાણી સહિત ૩ અપક્ષ ઉમેદવારોને જીત મળી હતી. આ સાથે, કુતિયાણાથી લડતા NCPના ઉમેદવાર કાંધલ જાડેજાને પણ જીત મળી હતી. આમ, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭માં ભાજપ અને કોંગ્રેસને એક્ઝિટ પોલથી ઘણુ વિપરીત પરિણામ મળ્યું હતું.

એક્ઝિટ પોલ શું છે?

તમામ એજન્સીઓ તેમના એક્ઝિટ પોલ જાહેર કરે છે. એક્ઝિટ પોલ ચોક્કસપણે ચૂંટણી પરિણામોની ખાતરી આપતા નથી હોતા. જણાવી દઈએ કે, ચૂંટણી પંચ સત્તાવાર આંકડા જાહેર કરે છે. આવી સ્થિતિમાં કઈ સર્વે એજન્સીનો એક્ઝિટ પોલ સૌથી સચોટ છે તે તો પરિણામની તારીખે જ ખબર પડે છે. એક્ઝિટ પોલ શું હોય અને એક્ઝિટ પોલ કેવી રીતે તૈયાર થાય છે?

સર્વે એજન્સીઓ મતદારને પ્રશ્ન કરે છે, જ્યારે તે મતદાન કર્યા પછી મતદાન મથકની બહાર આવે છે. મતદારને પૂછવામાં આવે છે કે, તેણે કઈ પાર્ટીને મત આપ્યો છે. આને એક્ઝિટ પોલ કહેવામાં આવે છે.


મતદારોના અભિપ્રાયના આધારે એજન્સીઓ તેમનો ડેટા તૈયાર કરે છે. સર્વે એજન્સીઓ મતદારોના જવાબો એકત્રિત કરે છે. ડેટા એકત્રિત કર્યા પછી એક્ઝિટ પોલનું પ્રસારણ કરવામાં આવે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સામાન્ય નાગરિકની જેમ રાણીપની નિશાન સ્કૂલ ખાતે મતદાન કર્યું

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અને મતદાન કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મતદાન કરવા એક દિવસ પહેલા જ દિલ્હીથી ગુજરાત આવી પહોંચ્યા હતા. તેઓએ મતદાન પહેલા માતા હીરાબાને મળીને તેમને આર્શીવાદ પણ લીધા હતા. ત્યારે તેઓએ આજે અમદાવાદના રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કર્યુ હતું. લગભગ અડધો કિલોમીટર સુધી પગપાળા ચાલીને પીએમ મોદી મતદાન બૂથ સુધી પહોંચ્યા હતા, જ્યાં મોટી સંખ્યામાં તેમના ચાહકોએ ભીડ જમાવી હતી. પીએમ મોદીએ સામાન્ય મતદારની જેમ લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યુ હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મતદાન કરવા માટે નીકળ્યા ત્યારે રસ્તાની બંને તરફ ભારે ભીડ હતી.



ગાંધીનગર રાજભવનથી નીકળીને અમદાવાદના રાણીપમાં આવેલી નિશાન સ્કૂલમાં મતદાન કરવા પહોંચ્યા હતા. સાબરમતી બેઠકમાં પ્રધાનમંત્રીનું મતદાન બૂથ આવે છે. મતદાન કર્યા બાદ પીએમ મોદીએ પોતાનો ફોટો ટ્વિટર પર શેર કરીને કહ્યુ હતું કે, આજે મેં અમદાવાદ ખાતે મતદાન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડીવારમાં રાણીપની નિશાન સ્કૂલ ખાતે મતદાન કર્યુ હતું. તેમની એક ઝલક જોવા માટે રાણીપ ખાતે રસ્તા પર વડાપ્રધાનને જોવા માટે મોટી સંખ્યામાં લોકો પણ પહોંચ્યા હતા. તેમની એક ઝલક નિહાળવા મોટી સંખ્યામાં લોકો રસ્તાની આસપાસ ઉભા રહ્યા હતા. જેમનુ અભિવાદન ઝીલીને પીએમ મતદાન બુથ સુધી પહોંચ્યા હતા. તેઓએ અહીં પ્રધાનમંત્રીના વગનો કોઈ ઉપયોગ કર્યો ન હતો. સામાન્ય મતદારની જેમ લાઈનમાં ઉભા રહ્યાં, આગળના તમામ મતદારોને જવા દીધા, અને પોતાનો વારો આવ્યો ત્યારે મતદાન કર્યુ હતું. મતદાન બાદ તેઓએ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, લોકતંત્રના ઉત્સવ માટે દેશના નાગરિકોનું હૃદયપૂર્વક અભિનંદન આપુ છું. હું ચૂંટણી પંચને પણ અભિનંદન આપુ છું કે, તેઓએ શાનદાર રીતે સમગ્ર વિશ્વને ભારતના લોકતંની પ્રતિષ્ઠા વધે તે રીતે ચૂંટણીનું સંચાલન કરવાની મહાન પરંપરાને વિકસાવી છે. તેનુ ઉદાહરણ આ ચૂંટણીમાં જોવા મળ્યું. તેથી હું ચૂંટણી પંચનું હૃદયપૂર્વક અભિનંદન કરું છું. ગુજરાતના મતદારોનો આભાર માનું છું કે તેઓએ આ લોકતંત્રના ઉત્સવને આનબાનશાન સાથે ઉજવ્યો. ઉત્તમ પ્રકારે ચર્ચા કરી. ગુજરાતની જનતામાં વિવેક છે, તે સાંભળે બધાનું છે, અને જે સાચુ છે તે સ્વીકારવાનો ગુજરાતનો સ્વભાવ છે. તે મુજબ ભારે માત્રામાં મતદાન કરી રહ્યાં છે. તમે સૌનો આભાર.

## ભારત-નેપાળ સરહદ પર તણાવ, કાલી નદી પર નિર્માણ કાર્ય દરમિયાન મજૂરો પર પથ્થરમારો

નવીદિલ્હી,

લાંબા સમય બાદ ભારતીય સરહદ પરથી ફરી તણાવના સમાચાર સામે આવ્યા છે. આ વખતે સમાચાર પાકિસ્તાન કે ચીનની સરહદના નહીં પણ પડોશી દેશ નેપાળની સરહદ પરથી આવી છે. ઉત્તરાખંડના પિથોરાગઢમાં ભારત-નેપાળ બોર્ડર પર પથ્થરમારાના સમાચાર સામે આવ્યા છે. આજે રવિવારે સાંજે નેપાળ તરફથી ભારતીય મજૂરો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ મજૂરો કાલી નદી પર ડેમબાંધી રહ્યા હતા. આ ઘટના ધારચુલા વિસ્તારની જણાવવામાં આવી રહી છે. કેટલાક નેપાળી નાગરિકો આ બાંધકામનો વિરોધ કરી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સમગ્ર ઘટના દરમિયાન નેપાળના સુરક્ષાકર્મીઓ દર્શકોની જેમ જોતા રહ્યા.



મળતી માહિતી અનુસાર, બાંધકામમાં રોકાયેલા ભારતીય કામદારો પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું છે કે નેપાળની સુરક્ષા એજન્સીઓએ આ પરિસ્થિતિ પર કોઈ કાર્યવાહી કરી ન હતી અને નેપાળીઓ દ્વારા કરવામાં આવેલા બળવા સામે મૂક પ્રેક્ષક બની રહી હતી. મળતી માહિતી અનુસાર નેપાળ તરફથી આ પહેલા પણ ઘણી વખત પથ્થરમારો કરવામાં આવ્યો છે. જે વિસ્તારમાં પથ્થરમારો થયો તે નેપાળ અને ચીન વચ્ચેનો સરહદી વિસ્તાર છે.

નેપાળની સરહદ ધારચુલાથી શરૂ થાય છે. અહીં કાલી નદીની એક તરફ ભારત છે અને બીજી બાજુ નેપાળ છે. ભારત આ નદીની નજીક પોતાના વિસ્તારમાં બંધ બાંધી રહ્યું છે, પરંતુ નેપાળ તરફથી ઘણા લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. જેના કારણે અહીં અનેક વખત પથ્થરમારો કરવામાં આવ્યો છે. વિરોધ કરી રહેલા લોકોનું કહેવું છે કે આ ડેમના નિર્માણને કારણે કાલી નદીમાંથી તેમની તરફ ધોવાણ થશે.

ડેમ બાંધી રહેલા મજૂરો પર પથ્થરમારો થતાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. તમને જણાવી દઈએ કે અગાઉ વર્ષ ૨૦૨૦માં નેપાળ તરફથી નવો નકશો જાહેર થયા બાદ ભારત અને નેપાળના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. આ નકશામાં નેપાળે પોતાના ક્ષેત્રમાં કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખનો વિસ્તાર દર્શાવ્યો હતો. સાથે જ ભારતે આ વિસ્તારોને પોતાનો હિસ્સો ગણાવ્યો હતો. નેપાળ અને ભારતના સંબંધો મોટાભાગે સારા જ રહ્યા છે. સમાયંતરે નેપાળી રાજનેતોઓના હિન્દુ ભગવાન માટેના વિચિત્ર નિવેદનોને કારણે નેપાળ-ભારતના લોકો વચ્ચે આરોપ-પ્રત્યારોપ થતા રહે છે.

## કેન્દ્ર સેલરી અને મજૂરી કરતા વધારે ખર્ચ પેન્શન પર થાય છે, ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ

નવીદિલ્હી,

હાલના વર્ષોમાં પેન્શન પરનો ખર્ચ કેન્દ્ર અને રાજ્યોના મુખ્ય ખર્ચ તરીકે ઉભરી આવ્યો છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, આ ૨૦૧૯-૨૦ દરમિયાન કેન્દ્ર સરકાર અને ગુજરાત સહિત ત્રણ રાજ્યો દ્વારા 'પગાર અને વેતન' પરના ખર્ચ કરતાં વધુ છે. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી)ના ડેટા અનુસાર, કેન્દ્ર દ્વારા કુલ પ્રતિબદ્ધ ખર્ચ રૂ. ૯.૭૮ લાખ કરોડ હતો. તેમાંથી ૧.૩૯ લાખ કરોડ રૂપિયા 'પગાર અને વેતન' પર, ૧.૮૩ લાખ કરોડ રૂપિયા પેન્શન પર અને ૬.૫૫ લાખ કરોડ રૂપિયા અન્ય વ્યાજની ચુકવણી અને લોનની ચુકવણી પર ખર્ચવામાં આવ્યા હતા.

કેન્દ્રનો કુલ કમિટેડ એક્સપેંડિચર ૨૦૧૯-૨૦માં તેના કુલ ૨૬.૧૫ લાખ કરોડના આવક ખર્ચના ૩૭ ટકા હતો. સીએજીના અહેવાલ મુજબ, સરકાર દ્વારા કમિટેડ એક્સપેંડિચરના ૬૭ ટકા વ્યાજની ચુકવણી અને દેવાની સેવામાં ખર્ચવામાં આવ્યા હતા. તે જ સમયે, ૧૯ ટકા પેન્શન અને ૧૪ ટકા પગાર પર ખર્ચવામાં આવ્યા હતા. આનાથી સ્પષ્ટ થાય છે કે પગાર અને વેતન કરતાં પેન્શન પર વધુ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ અનુસાર, કેન્દ્રનું પેન્શન બિલ ૨૦૧૯-૨૦માંપગાર અનેવેતનપર તેના ખર્ચના ૧૩૨ ટકા હતું. આ ૨૦૨૦ માં ભારતમાં કોવિડ-૧૯ ફાટી નીકળ્યા પહેલાની વાત હતી.

ગુજરાત, કર્ણાટક અને પશ્ચિમ બંગાળમાં પણ આવી જ સ્થિતિ છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં પેન્શન બિલ ૧૭૬૬૩ કરોડ રૂપિયા હતું, જ્યારે વેતન અને મજૂરી પર ૧૧,૧૨૬ કરોડ રૂપિયા ખર્ચ થયો હતો. એટલે કે, પેન્શન પર આવકથી ૧૫૯ ટકા વધારે ખર્ચ થયો હતો. આવી જ રીતે કર્ણાટકનું પેન્શન બિલ ૧૮,૪૦૪ કરોડ રૂપિયા જ્યારે વેતન બિલ ૧૪,૫૭૩ કરોડ રૂપિયા એટલે કે, ૧૨૬ ટકા વધારે હતું. પશ્ચિમ બંગાળમાં પણ પેન્શન બિલ ૧૭,૪૬૨ કરોડ રૂપિયા જ્યારે વેતન અને મજૂરી બિલ ૧૬,૯૧૫ કરોડ રૂપિયા એટલે કે, ૧૦૩ ટકા વધારે હતું. ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, તમિલનાડૂ અને ઓડિશામાં થઈ રહેલા પેન્શન અને વેતન તથા મજૂરી પર ખર્ચથી ૨/૩ વધારે હતું.

આંકડાઓથી ખબર પડે છે કે, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું સંયુક્ત પેન્શન બિલ ૨૦૧૯-૨૦માં ૩.૩૮ લાખ કરોડ રૂપિયા રહ્યું. તો વળી વેતન પર કુલ ૫.૪૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. એટલે કે, દેશભરમાં સંયુકત રીતે પેન્શન પર વેતનના ૬૧.૮૨ ટકા ખર્ચ કર્યા છે. અહીં ઉલ્લેખનિય છે કે, કમિટેડ એક્સપેન્સ વધવાના કારણે સરકાર પાસે રેવન્યૂનો ઉપયોગ બીજા જરુરી કામો કરવાની શક્યતાઓ ઓછી થાય છે.

## વિદેશથી કમાણી કરી દેશમાં પૈસા મોકલવામાં પ્રવાસી ભારતીયો અવ્વલ : વર્લ્ડ બેક્રના રિપોર્ટમાં ખુલાસો

નવીદિલ્હી,

વિદેશમાં કમાણી કરીને ભારતમાં પૈસા મોકલનારામાં ભારતીયો આગળ છે. પહેલી વાર કોઈ દેશના રેમીટેન્સ ૧૦૦ અબજ ડોલરે પહોંચ્યું છે, વર્લ્ડ બેક્રના અહેવાલમાં આ વિગત બહાર આવી છે.ભારતીય રેમીટેન્સ (પ્રવાસી દ્વારા પોતાના મૂળ દેશમાં મોકલવામાં આવતા પૈસા) વિદેશમાં કમાણી કરીને પૈસા પોતાના દેશમાં મોકલવાની બાબતે સૌથી આગળ છે. વર્લ્ડ બેક્રના રિપોર્ટમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૧માં ૮૯.૪ અબજ ડોલર રેમીટેન્સ ભારત આવ્યા હતા, જે ૨૦૨૨માં ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જયારે ભારત બાદ રેમીટેન્સ કમાવનારા દેશોમાં મેકસીકો, ચીન, ફિલીપાઈન્સ, ઈજીપ્ત, પાકિસ્તાન ટોપ ટેનમાં રહેવાની આશા છે. જેમાં મેકસીકોમાં ૬૦ અબજ ડોલર, ચીનમાં ૫૧ અબજ ડોલર, ફિલીપાઈન્સમાં ૩૮ અબજ ડોલર અને પાકિસ્તાનમાં ૨૯ અબજ ડોલર રેમીટેન્સ આવવાની સંભાવના છે.

## ભારત જોડો યાત્રા રાજસ્થાનમાં પ્રવેશી ગેહલોત-પાઈલોટે હાથ પકડી ડાન્સ કર્યો

જયપુર,

રાહુલ ગાંધીના વડપણ હેઠળની કોંગ્રેસની ભારત જોડો યાત્રા રવિવારે સાંજે મધ્યપ્રદેશમાંથી રાજસ્થાનમાં પ્રવેશી ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સીએમ અશોક ગેહલોત, પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટ સહિત અનેક મંત્રીઓ અને સરકારના મોટા નેતાઓએ એમપી બોર્ડર પર સ્થિત ઝાલાવાડમાં ચણવલી ચોક પર રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું.

સ્વાગત સભામાં રાહુલ ગાંધીનું સહરિયા ડાન્સથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્ટેજ પર થતો આ ડાન્સ જોઈને રાહુલ ગાંધી પણ અશોક ગેહલોત, કમલનાથ અને સચિન પાયલટ સાથે ડાન્સ કરવા લાગ્યા હતા આ દરમિયાન સચિન પાયલટ અને અશોક ગેહલોતે એકબીજાનો હાથ પકડીને ડાન્સ કર્યો હતો. આ પ્રસંગે કલાકારોએ પ્રખ્યાત 'પધારો મ્હારે દેશ' સહિતના લોકનૃત્યો અને ગીતો રજૂ કર્યા હતા. રવિવારે રાજસ્થાનમાં યાત્રા ચણવલી ચાર રસ્તા પર જ રોકાઈ હતી. રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે તેઓ તેમની ભારત જોડો યાત્રા દરમિયાન ઘણું શીખી રહ્યા છે. તેમના દિલમાં ભાજપ અને આરએસએસ પ્રત્યે કોઈ નફરત નથી, પરંતુ તેઓ તેમને દેશમાં નફરત ફેલાવવા દેશે નહીં. તેમણે કહ્યું હતું કે તેઓ પદયાત્રામાંથી ઘણું શીખી રહ્યા છે. આ વસ્તુઓ એરોપ્લેન, હેલિકોપ્ટર અથવા વાહનમાં મુસાફરી કરતી વખતે સમજી શકાતી નથી. ખેડૂતો સાથે હાથ મિલાવ્યા પછી જ સમજાય છે કે તેઓ શું કરી રહ્યા છે. આ હેલિકોપ્ટરમાંથી શીખી શકાય નહીં. કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે આ સરકારથી માત્ર ત્રણ-ચાર ઉદ્યોગપતિઓને જ ફાયદો થઈ રહ્યો છે, જે દેશના હિતમાં નથી.

સ્વાગત સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે દરેક રાજ્ય, દરેક શહેર, દરેક ગામોએ યાત્રાને ખૂબ મદદ કરી છે. લોકોએ એક પૈસો પણ ચૂકવવો પડતો ન હતો, લોકોએ તે લેવાની ના પાડી. ભારતની જનતાએ આ યાત્રાને ભરપૂર પ્રેમ આપ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ મધ્યપ્રદેશ છોડીને દુઃખી છે, પરંતુ રાજસ્થાન આવીને ખુશ છે.

## મહારાષ્ટ્ર-છત્તીસગઢને જોડશે દેશની છઠ્ઠી વંદે ભારત ટ્રેન, ૧૧ ડિસેમ્બરે મોદી લોકાર્પણ કરશે

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧ ડિસેમ્બરે છત્તીસગઢના બિલાસપુરથી—મહારાષ્ટ્રના નાગપુર રૂટ પર દોડનારી દેશની છઠ્ઠી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનનું ઉદ્‌ઘાટન કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વંદે ભારત ટ્રેન અઠવાડિયામાં છ દિવસ દોડશે અને લગભગ સાડા પાંચ કલાકમાં બિલાસપુરથી નાગપુર પહોચી જશે. રેલવે વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગપુર ખાતે બિલાસપુર-નાગપુર વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરશે. સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન બિલાસપુરથી સવારે ૬.૪૫ વાગ્યે ઉપડશે અને લગભગ ૧૨.૧૫ વાગ્યે નાગપુર સ્ટેશને પહોંચશે. એ જ રીતે સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન નાગપુરથી બપોરે ૨ વાગ્યે ઉપડશે અને સાંજે ૭.૩૫ કલાકે બિલાસપુર સ્ટેશને પહોંચશે. હાલમાં સુપરફાસ્ટ ટ્રેનોને બિલાસપુરથી નાગપુર પહોંચવામાં સાત કલાકનો સમય લાગે છે, જો કે આ ટ્રેન લગભગ સાડા પાંચ કલાકમાં અંતર કાપશે.

અહેવાલો અનુસાર, આ ટ્રેન દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે દ્વારા સંચાલિત કરવામાં આવશે અને રાયપુર, દુર્ગ અને ગોંદિયા ખાતે સ્ટોપ હશે. અધિકારીએ એમ પણ કહ્યું કે ૨૦૨૩માં સિકંદરાબાદ અને વિજયવાડા વચ્ચે અન્ય એક વંદે ભારત ટ્રેન શરૂ થવાની સંભાવના છે.

નવી યુવા પેઢી માટેની વંદે ભારત ટ્રેનનું સૌપ્રથમવાર મુંબઈ-અમદાવાદ રૂટ પર આ વર્ષે ઓક્ટોબરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. રેલવેએ આવતા વર્ષે ઓગસ્ટ સુધીમાં ૭૫ વંદે ભારત ટ્રેન દોડાવવાનો લક્ષ્ય રાખ્યો છે. સેમી-હાઈ-સ્પીડ ટ્રેનના તમામ કોચ ઓટોમેટિક દરવાજા ધરાવે છે. GPS-આધારિત ઓડિયો-વિઝ્યુઅલ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ ઉપરાંત, મનોરંજનના હેતુઓ માટે ઓનબોર્ડ હોટસ્પોટ Wi-Fiની સુવિધા પણ છે. આ ઉપરાંત મુસાફરો માટે ખુબ જ આરામદાયક બેઠકોથી રાખવામાં આવી છે. જોકે, પહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્લી-કાનપુર-અલાહાબાદ-વારાણસી રૂટ પર દોડાવવામાં આવી હતી. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન દેશમાં કુલ ૭૫ વંદે ભારત ટ્રેન દોડાવાશે. જેના થકી દેશના દરેક ખૂણાના શહેરોને જોડવામાં આવશે. ઝડપ, સલામતી અને સેવા આ ટ્રેનની ખાસ વિશેષતા છે. વંદે ભારત એક્સપ્રેસ મહત્તમ ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે અને તેમાં શતાબ્દી ટ્રેન જેવા કોચ છે પરંતુ મુસાફરો માટે વધુ સારી સુવિધા છે. ઝડપ અને સુવિધાના સંદર્ભમાં આ ટ્રેન ભારતીય રેલવે માટે આગામી મોટી ઉપલબ્ધિ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો ઉપર પાંચ વાગ્યા સુધી સરેરાશ ૫૪.૨૬ ટકા મતદાન નોંધાયુ

લુણાવાડા, મહિસાગર જિલ્લાની ૩ વિધાનસભા માટે સવારે મતદાન શરૂ કરાયુ હતુ. મતદાન દરમિયાન અમુક જગ્યાએ ઈવીએમ મતદાન ખોટકાયા હતા. શાંતિપુર્ણ માહોલમાં યોજાયેલ આ મતદાનમાં સરેરાશ ૫૪.૨૬ ટકા મતદાન નોંધાવવા પામ્યુ છે.

મહિસાગર જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો માટે વહેલી સવારે ૮ વાગ્યે મતદાન શરૂ કરાયુ હતુ. મતદાન પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયુ હતુ. મતદાન દરમિયાન ખાનપુરના બાકોર ગામે ઈ.વી.એમ.મશીન ખોરવાતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે વાર ઈ.વી.એમ.મશીલ બદલવામાં આવ્યા હતા. મતદાન શરૂ ન થતાં મતદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો ઉપર મતદારોએ ઉત્સાહ પુર્વક મતદાન કર્યુ હતુ. બાલાસિનોર વિધાનસભા બેઠક ઉપર મતદારોનુ મતદાન કરવા માટે નિરસતા જોવા મળી છે જયારે સંતરામપુર અને લુણાવાડા બેઠક ઉપર મતદારોએ ઉત્સાહ સાથે મતદાન કર્યુ હતુ. મહિસાગર જિલ્લાની ૩ વિધાનસભા બેઠકો ઉપર સરેરાહ ૫૪.૨૬ ટકા મતદાન નોંધાવવા પામ્યુ છે.

**મહિસાગર વિધાનસભામાં નોંધાયેલ સરેરાશ મતદાનના આંકડા**

| | |
|---|---|
| લુણાવાડા | ૬૦.૦૬ ટકા |
| બાલાસિનોર | ૪૯.૭૯ ટકા |
| સંતરામપુર | ૫૨.૦૦ ટકા |




મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર થી ૮ કિમી દૂર આવેલ સુતારી ગામ ના એવા ૧૦૪ વર્ષના કિશોરબા સોલંકીએ મતદાન કર્યુ હતું સેના દરિયા ગોરાળા પ્રાથમિક શાળા ખાતે મતદાન કર્યુ હતું. ખાતે પોતાના પૌત્રોના સહારે મતદાન કર્યુ, કિશોરબા સાથે વાત કરતા તેમણે કહ્યું વિડીયો પછી બનાવજો પહેલા મતદાન કરી આવજો ૧૦૪ વર્ષની ઉંમરે પણ કિશોરબા નો મતદાન કરવાનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## લુણાવાડા વિધાનસભાના ભાજપના ૨૭ હોદ્દેદાર અને કાર્યકરો સસ્પેન્ડ બાદ જિલ્લા ભાજપ પ્રમુખને સસ્પેન્ડ કરાયા

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા વિધાનસભા બેઠકના ભાજપના ૨૭ હોદ્દેદારો અને કાર્યકર્તાઓને પાર્ટી વિરુદ્ધ કામગીરી કરતા પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. લુણાવાડા વિધાનસભા બેઠકના ભાજપ પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પાર્ટી વિરુદ્ધ પ્રચાર–પ્રસાર કરતા હોય તે માટે ૨૭ હોદ્દેદારોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. લુણાવાડા ભાજપના જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા પક્ષ વિરુદ્ધ પ્રચાર કરતા હોવાના વીડિયો–ફોટોના આધાર પુરાવા મળ્યા બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# સંતરામપુર વિધાનસભા બેઠક ઉપર સરેરાશ મતદાન ઓછુ નોંધાયુ

સંતરામપુર, સંતરામપુર ૧૨૩ વિધાનસભાની ચૂંટણીમાં પાંચમી તારીખ ના રોજ મતદાતાઓએ મતદાન કર્યું પરંતુ સંતરામપુર તાલુકા વિસ્તારમાં કભી ખુશી કભી ગમ પરિસ્થિતિ જોવા મળી રહી છે આ વખતે સંતરામપુર તાલુકામાં સરેરાશ મતદાન ઓછું જોવા મળી રહ્યું છે પરિસ્થિતિ પ્રમાણે સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના મતદારો આશરે ૫૦ ટકા જેટલા શ્રમિકો પોતાની રોજી રોટી અને રોજગારી માટે બહારગામ જોવા મળેલા છે જ્યારે બીજી બાજુ મતદારોમાં નિરાશતા અને જોવા મળી હતી આ વખતે કેટલાક મતદાર હોય પોતાનું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

મતદાન અધિકાર ના ચુકી જવા તે માટે મત આપવા માટે સૌપ્રથમ સંતરામપુર તાલુકાન કળાદરા ગામના નાવડીમાં બેસીને નદીની અંદર જીવના જોખમે ત્રણ કિલોમીટર અંતર કાપીને મતદારો મતદાન કર્યું જ્યારે સંતરામપુર તાલુકાના ઉખરેલી ભુગેંડી સીમલિયા અતિસો વેંસિલ મતદાન મથકો પર સીઆર ના જવાનો દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવેલું હતું અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો જ્યારે ભાણા સીમલ ગામના ૧૦૨ વર્ષના દંપતી લાકડી ના ટેકા વડે ચાલી બુથ ઉપર જઈને મતદાન કર્યું અને સંતરામપુરના બે વર્ષથી આંખોમાં ઝામર અને જરા પણ ન જોવાતા તેવા મતદાતા એ પોતાના પુત્ર સાથે જઈને પોતાનો મત અધિકાર અને મતદાન કર્યું હતું એ જ રીતે સંતરામપુરના કે એચ મહેતામાં અને અલગ અલગ બુથો ઉપર યુવાનો મહિલાઓ મા મતદાન કર્યું હતું. દિવસ પર શાંતિપૂર્વક દરેક બુથો ઉપર મતદાન કરવામાં આવેલું હતું અને કોઈ પણ પ્રકારની અનૈચ્છિક બનાવ કે ઘટના બનેલ ન હતી.

## મહીસાગર જિલ્લાના વિકલાંગ મિતેશભાઈ મતદાન કરી અન્યોને પણ લોકશાહીનાં મહાપર્વમાં ભાગ લેવા અપીલ કરી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, બાલાસિનોર વિધાનસભા મતવિસ્તારના બાદરપુરા ગામના વિકલાંગ મિતેશભાઈ સોલંકી ગામના સખી મતદાન મથક હાંડીયા (બાલાસિનોર) ખાતે પહોંચી મતદાન કર્યું હતું. લોકશાહીનાં આ મહાપર્વની ઉજવણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવતા મિતેશભાઈ જણાવે છે કે,આ મારૂ પહેલું મતદાન છે અને તંત્ર દ્વારા મતદાન મથક પર વ્હિલચેર જેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેનાથી હું ખૂબ જ ખુશ છું અને મને એ જાણીને ખુશી થાય છે કે તંત્ર દ્વારા અમારા જેવો લોકોને કોઈ મુશ્કેલી ના પડે તેની તકેદારી રાખવામાં આવી છે.આ સાથે તેમણે સૌએ અચૂક મતદાન કરવું જ જોઈએ તેવી અપીલ કરી હતી.



મહીસાગર જિલ્લાના સખી મતદાન મથક હાંડીયા (બાલાસિનોર) ખાતે યુવા મતદાર નેહાબેન મહેરા અને સંધ્યાબેન મહેરાએ પ્રથમ વખત મતદાન કરી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ બાબતે નેહાબેન મહેરાએ જણાવ્યું હતું કે, મને ખૂશી છે કે, ૧૮ વર્ષ પુરા થતા આજે મતદાન કરવાનો અવસર મળ્યો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મતદાન આપણા ભવિષ્ય માટે ખૂબ જરૂરી છે જેથી અવશ્યપણે મતદાન કરવું જોઈએ.

## જગદીશ ઠાકોરે મતદાન કરીને ચૂંટણી પંચ પર લગાવ્યા ગંભીર આરોપ

અમદાવાદ, ઉત્તર અને મધ્ય ગુજરાતની બેઠકો પર આજે મતદાન થયું હતું ત્યારે ગુજરાત કોંગ્રેસનાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે પણ અમદાવાદમાં મતદાન કર્યું છે. મતદાન બાદ તેમણે વડાપ્રધાન અને ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે જણાવ્યુ કે, 'આ કેવું ચૂંટણી પંચ છે આ કેવી વ્યવસ્થા છે. જેની પર સવાલો થાય છે. જ્યાં ભાજપ ચૂંટણી પંચ અને તંત્ર ભાજપના ખોળે બેઠું છે.' પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે અમદાવાદનાં નરોડા ખાતે મતદાન કર્યું છે. જે બાદ મીડિયા સાથેની વાતચીતમાં જગદીશ ઠાકોર ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે જણાવ્યુ કે, મતદાન થવું જ જોઈએ. મતદારોનો હક છે તે શાસકોને પાઠ ભણાવીને મનગમતી પાર્ટીને પસંદ કરી શકે છે. આ સાથે તેમણે અનેક પ્રહાર કરતા જણાવ્યુ કે, મતદાર સારું થઈ રહ્યું છે પરંતુ તમામ જગ્યાએ મતદાનની સ્પીડ સરખી હોવી જોઈએ. કોંગ્રેસનાં બૂથો છે ત્યાં મશીન ધીમા ચાલે, મતદાનની સ્પીડ ધીમી ચાલે. બીજાના બૂથો છે ત્યાં મશીન બરાબર ચાલે.

# દાહોદ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન જુદી જુદી જગ્યાએ સર્જાયેલ ગમખ્વાર અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ વ્યકિતઓના મોત નીપજયા

દાહોદ, દાહોદ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યાનું જાણવા મળેલ છે.

દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતના બનેલા ત્રણ બનાવો પૈકીનો એક બનાવ અમદાવાદ–ઈન્દૌર હાઈવે પર આવેલ દાહોદ તાલુકાના જેકોટ ગામે યુટર્ન ઉપર ગતસાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો જેમાં એક ટ્રક ચાલક તેના કબજાની જીજે–૧૬ ઝેડ–૪૦૧૦ નંબરની ટ્રક રોંગ સાઈડમાં પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતા આર જે ૪૭ જીએ–૫૫૯૪ નંબરના કન્ટેનર સાથે અથડાવી દેતા કંટેનરનો કેબીનનો ભાગ તુટી છુટ્ટો પડી જતાં ટ્રક કન્ટેરના કેબીન ઉપર પલ્ટી મારતા કેબીનમાં કન્ટેનરનોડ્રાયવર ૨૬ વર્ષીય બલવીન્દર સીંગ દલવીરસીંગ જાટ દબાઈ જતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. કંટેનરના કેબીનમાં પણ આગ લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં દાહોદ તાલુકા પોલિસની સાથે સાથે આસપાસમાં રહેતા લોકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ સંબંધે અમૃતસરના વેરકા ગામના અમીરસીંગ વીન્દરસીંગ મેરાએ નોંધાવેલ ફરિયાદને આધારે ટ્રકના ડ્રાયવર વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલિસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે ગતમોડી સાંજના સાડા છ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો જેમાં એક ટ્રેક્ટર ચાલક તેના કબજાનું જીજે ૨૦ એ.એચ–૯૫૨૦ નંબરનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી મોટી બાંડીબાર ગામના લબાના ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય જયેશભાઈ કરમચંદ લબાનાને ટક્કર મારી રોડ પર પાડી દઈ પોતાના કબજાનું ટ્રેક્ટર લઈ નાસી જતાં જયેશભાઈ કરમચંદ લબાનાને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે મોટી બાંડીબાર ગામના કબાના ફળીયામાં રહેતા લક્ષીલકુમાર છત્રસિંહ લબાનાએ નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલિસે ટ્રેક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો ત્રીજો બનાવ ગરબાડા તાલુકાના ખજુરીયા ગામે મોડી રાતના સાડા ત્રણ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો જેમાં ગરબાડા તાલુકાના છરછોડા ગામના પટેલ ફળિયામાં રહેતા હીતેશભાઈ બાબુભાઈ ભાભોર તેના કબજાની જીજે–૦૬ જી–ઈ–૭૭૪૫ નબરની કુઝર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ખજુરીયા ગામે પરમાર ફળિયામાં રોડની સાઈડમાં આવેલ બાવળના ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં કુઝર ચાલક હીતેષભાઈ બાબુભાઈ ભાભોરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર મોત નિપજ્યું હતું. આ સંબંધે છરછોડા ગામના પટેલ ફળિયામાં રહેતા મરણાજનાર હીતેષભાઈ ભાભોરના મોટાભાઈ રાહુલભાઈ બાબુભાઈ ભાભોરે નોંધાવેલ ફરિયાદને આધારે જેસાવાડા પોલિસે મરણજનાર હીતેષભાઈ ભાભોર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મતદાન પહેલા કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ પર હુમલો, ફેસબુક લાઈવ કરીને માહિતી આપી

પાલનપુર, ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. આજે ગુજરાતની ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે બીજા તબક્કાના મતદાન પહેલા વધુ એક ઉમેદવાર પર હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. થરાદના કોંગ્રેસી ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત પર હુમલો કરાયો છે. તેઓએ ભાજપના ઈશારે હુમલો કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે. થરાદના ધારસભ્ય ગુલાબસિંહ રાજપૂત ઉપર હુમલો કરાયાના આક્ષેપ તેઓએ કર્યો છે. ત્યારે મોડી રાત્રે થરાદમાં થયેલા આ હુમલામાં ગુલાબસિંહ ઉપર ભાજપના લોકોએ હુમલો કર્યાના આક્ષેપ ઉઠ્યો છે. ત્યારે થરાદમાં મામલો તંગ બનતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. સમગ્ર ઘટના બાદ ગુલાબસિંહ ફેસબુક પર લાઈવ થયા હતા અને હુમલાની માહિતી આપી હતી. જેના બાદ રાજકીય માહોલ વધુ ગરમાયો હતો.

ઉલ્લેખનીય છે કે, થરાદમાં ગુલાબસિંહ અને ભાજપના દિગ્ગજ શંકર ચૌધરી ચૂંટણી લડી રહ્યા છે. પ્રથમ તબક્કાના મતદાનની આગલી રાતે વાંસદામાં ભાજપા ઉમેદવાર પિયુષ પટેલ પર હુમલો કરાયો હતો, અને તેઓએ કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલના ઈશારે હુમલો કરાયો હોવાનો આક્ષેપ કર્યો હતો.

## લીમખેડાના દુધિયા ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૧.૮૦ લાખની મત્તાની ચોરી કરી

દાહોદ, લીમખેડા તાલુકાના દુધીયા ગામે ગતરાતે ત્રાટકેલા તસ્કરોએ સતકેવલ ફળિયામાં એક બંધ મકાનનું તાળું તોડી મકાનમાં પ્રવેશી સોના–ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂપિયા ૧.૮૦ લાખની મત્તા ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે. લીમખેડાના દુધીયા ગામે સતકેવલ ફળીયાના મુળ વતની અને વેપાર ધંધો કરતા અનીલભાઈ ડાહ્યાભાઈ સલાણીયા હાલ દાહોદ લક્ષ્મીનગર ખાતે રહેતા હોઈ તેમના દુધીયા ખાતેના બંધ મકાનને ગતરાતે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી મકાનમાં પ્રવશ્યા હતા અને તિજોરીમાં મુકેલ રૂા.૨૦,૦૦૦ની કિંમતની સોનાની બુટ્ટીની જોડ નંગ–૧, રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતની સોનાની ચેઈન નંગ–૨, રૂા.૧૦,૦૦૦ની કિંમતના ચાંદીના છડા જોડ નંગ–૨, રૂા.૨૦,૦૦૦ની કિંમતનો ૫૦૦ ગ્રામ વજનનો ચાંદીનો ચોરસો, રૂા.૧૦,૦૦૦ની કિંમતની સોનાની લેડીઝ વીટી નંગ–૧ તથા રૂપિયા ૪૦,૦૦૦ની રોકડ વગેરે મળી રૂપિયા ૧,૮૦,૦૦૦ની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે હાલ દાહોદ લક્ષ્મીનગરમાં રહેતા ઘરધણી અનીલભાઈ ડાહ્યાભાઈ સલાણીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલના મધાસર ગામેથી આઈસર ટેમ્પોમાંથી ૨૦.૦૮ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો



હાલોલ, હાલોલ તાલુકાના મધાસર ગામે ઓમ લોજીસ્ટીક કંપની પાસે હાઈવે રોડ ઉપર ચેકિંગ દરમિયાન આઈસર ટેમ્પોમાં લઈ જવાતો વિદેશી ઈંગ્લીશ દારૂની પેટી નંગ–૩૯૩ જેની કિ.રૂ.૨૦,૦૮,૮૦૦/–મળી કુલ ૩૮,૭૪,૭૦૦/–રૂપિયાના મુદ્દામાલ સાથે બે ઈસમોએ ઝડપી પાડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના મધાસર ગામે હાઈવે રોડ ઉપરથી પસાર થતી આઈસર ટેમ્પો નંબર એમ.પી.૦૯/જી.એમ.૦૩૯૪માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે તેવી બાતમીના આધારે આઈસર ટેમ્પાને ઝડપી અને તેની તપાસ દરમિયાન નાના પાર્સલો તથા બોરીયો તેમજ મસાલાઓના જથ્થા સાથે તેની આડમાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ–૩૯૩ જેની કિ.રૂ.૨૦,૦૮,૮૦૦/–તેમજ અંટીગો ગાડી, ત્રણ મોબાઈલ ફોન, રોક્ડા રૂપિયા ૯૦૦/–મળી કુલ મુદ્દામાલ ૩૮,૭૪,૭૦૦/–સાથે કાળુસિંગ બગદી રામ ગ્રેવાલ(રહે.માંગોડ, તા.સરદારપુરા, એમ.પી.), ભોવનભાઈ ભોદરિયાભાઈ રાઠવા(રહે.સંગાડીયા, છોટાઉદેપુર)ને ઝડપી પાડવા બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# ભારત જોડો યાત્રા : ૩૫૦૦ કિલો લોટ, ૬૦૦ કિલો દાળ, દરરોજ ૧૦ હજાર લોકો માટે ભોજન

મધ્યપ્રદેશ થઈને રાજસ્થાન પહોંચેલી ભારત જોડો યાત્રા સોમવારે સવારે ઝાલાવાડથી ફરી શરૂ થઈ છે. કોંગ્રેસની આ ભારત જોડો યાત્રા સાથે સેંકડો કાર્યકરો અને સમર્થકો જઈ રહ્યા છે. તેમના રોજીંદા ખાવા પીવાની વ્યવસ્થા કરવી પડે છે. તેની વ્યવસ્થા માટે કોંગ્રેસે ૪૫ ટ્રકની વ્યવસ્થા કરી છે.

ભારત જોડો યાત્રા દરમિયાન દરરોજ લગભગ ૧૦,૦૦૦ લોકો માટે ભોજન બનાવવામાં આવે છે. તેમાં દાળ, ભાત, રોટલી, શાક અને અન્ય વસ્તુઓ હોય છે. જોકે દૈનિક મેનુ નિશ્ચિત નથી. પરંતુ લોકોને દરરોજ પૌષ્ટિક ખોરાક પીરસવામાં આવે છે. રાજસ્થાન પહોંચેલી ભારત જોડો યાત્રા દરમિયાન હડૌતીમાં લોકોને ચુરમા-બાટી પણ



પીરસવામાં આવશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે ભારત જોડો યાત્રા તેમને એવી વસ્તુઓ શીખવી રહી છે જે એરોપ્લેન, હેલિકોપ્ટર અથવા અન્ય કોઈપણ વાહનમાં મુસાફરી કરતી વખતે શીખી શકાતી નથી. રાહુલ ગાંધીના નેતૃત્વમાં મધ્યપ્રદેશથી પદયાત્રા રાજસ્થાન પહોંચી હતી જ્યાં પાર્ટીના કાર્યકરોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ભારત જોડો યાત્રા દરમિયાન દરરોજ લગભગ ૧૦,૦૦૦ લોકો નાસ્તો અને ભોજન કરે છે. તેમના ભોજનની વ્યવસ્થા મોટા પાયે કરવામાં આવે છે. ભારત જોડો યાત્રામાં ૧૦,૦૦૦ લોકોમાં ભારત યાત્રીઓ, અતિથિ યાત્રીઓ, સુરક્ષા ગાર્ડ્સ, સ્વયંસેવકો સામેલ છે.

ભારત જોડો યાત્રામાં દરરોજ ૧૦ હજાર લોકો માટે ભોજન બનાવવા માટે ૩૫ ક્વિન્ટલ લોટ, ૬૦૦ કિલો દાળ, ૬૦૦ કિલો ખાંડ, ૪૦ ક્વિન્ટલ શાકભાજી, ૮૦ હજાર લિટર પાણીની જરૂર પડશે. ચા વગેરે માટે પણ ૬ હજાર લિટર દૂધનો ઉપયોગ થશે.

ભારત જોડો યાત્રામાં રસોઈ માટે ૬૦૦ હલવાઈ સામેલ છે. કેટરર્સની ૬ ટીમો પણ છે જે લોકોને ખવડાવવાનું કામ કરશે. યાત્રામાં બે ફૂડ વાન પણ છે. તમામ રાશન, પાણી અને શાકભાજી રાખવા અને લઈ જવા માટે ૪૫ ટ્રકો છે. તેઓ પ્રવાસ સાથે જાય છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને કેટલાક વરિષ્ઠ નેતાઓ માટે ભોજન રાંધવાની અલગ વ્યવસ્થા છે. આ સુરક્ષા કારણોસર થાય છે. તેમને અલગથી ભોજન પણ આપવામાં આવે છે.

ભારત જોડો યાત્રામાં દરરોજ સ્નાન માટે ૬ લાખ લીટર પાણીની જરૂર પડે છે. આ માટે મૂવિંગ વોશરૂમ પણ સાથે ચાલી રહ્યા છે. તેમાં સ્નાન કરવામાં દરેક વ્યક્તિને વધુમાં વધુ ૭ મિનિટનો સમય લાગે છે. જ્યારે પણ ભારત જોડો યાત્રાનો સ્ટોપિંગ પોઈન્ટ નક્કી કરવામાં આવે છે ત્યારે ત્યાં પાણીની ઉપલબ્ધતાને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે.

ભારત જોડો યાત્રા દરમિયાન સવારે ૬ વાગ્યે ચા અને નાસ્તો પીરસવામાં આવે છે. આ પછી, સવારે ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે લંચ આપવામાં આવે છે. ઉપરાંત, રાત્રિભોજન સાંજે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે પીરસવામાં આવે છે.

મધ્યપ્રદેશમાં ૧૨ દિવસ વિતાવ્યા બાદ યાત્રા રાજસ્થાનમાં પ્રવેશી હતી. મધ્યપ્રદેશમાં આ યાત્રાએ ૩૮૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. આ યાત્રા રવિવારે સાંજે લગભગ ૬.૪૦ વાગ્યે મધ્ય પ્રદેશના અગર માલવા જિલ્લામાંથી ચાવલી નદી પરનો પુલ પાર કરીને રાજસ્થાનમાં પ્રવેશી હતી. ૮ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થયેલી આ યાત્રા પ્રથમ વખત કોંગ્રેસ શાસિત રાજ્યમાં પ્રવેશી છે. આ યાત્રા ૨૧ ડિસેમ્બરે હરિયાણામાં પ્રવેશતા પહેલા ઝાલાવાડ, કોટા, બુંદી, સવાઈ માધોપુર, દૌસા અને અલવર જિલ્લામાંથી પસાર થઈને ૧૭ દિવસમાં ૫૦૦ કિમીનું અંતર કાપવાની છે.

## આપની આજ.......

મેષ : આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો. આજના કામ આજે પૂરા કરો.

વૃષભ : આજે આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.

મિથુન : આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. તમારો દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.

કર્ક : આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.

સિંહ : આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.

કન્યા : આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે.

તુલા : આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે. કોઈ મહેમાન ઘરે આવી શકે છે.

વૃશ્ચિક : આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.

ધનુ : આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.

મકર : આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.

કુંભ : આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે. કારણકે આ લોકો પાછળથી તમારી મદદે આવશે. નોકરી અથવા કામના ક્ષેત્રે આજે કોઈ વ્યક્તિ સાથે દલીલ ના કરો, નહીં તો નુકસાન થઈ શકે છે.

મીન : ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો. જે તમને કાયમી સફળતા આપશે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર પણ મળી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લાની ૦૬ વિધાનસભાનું કુલ ૫૫.૮૦ ટકા મતદાન

દાહોદ,

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા બેઠક પર આજે વહેલી સવારે શરૂ થયેલું મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. ફતેપુરા તાલુકાના મારગાળા ગામે એક મારામારીના બનાવને બાદ કરતા અન્ય કોઈ જગ્યાએ અનિચ્છનીય બનાવ બનવા ન પામતા સૌ કોઈએ હાથકારો લીધો હતો. તો સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લાના તમામ બુથો ઉપર મતદાન કરવા માટે આવેલા મતદારો કતારોમાં ઊભા નજરે પડ્યા હતા. સાંજ સુધી કેટલાક બુથો પણ મતદાન ચાલુ હોવાનું જાણવા મળી રહી છે.એટલે ઓવરઓલ દાહોદ જિલ્લામાં ગત વર્ષ કરતા બે પાંચ ટકા ઓછું મતદાન થવાનું અણસાર લાગી રહ્યું છે. જોકે વહેલી સવારથી વહેલી સવારથી જ શરૂ થયેલા મતદાનમાં થોડી નીરસતા જણાઈ હતી. પરંતુ જેમ જેમ દિવસ ઉગતો ગયો તેમ તેમ મતદાન મથકો ઉપર મતદારોની કતારો જોવા મળી હતી. એકધારૂં ચાલતું મતદાન બપોરે થોડુંક ધીમું પડ્યું હતું. પરંતુ સાડા ત્રણ વાગ્યા પછી એટલે કે છેલ્લા દોઢ કલાકમાં શહેરી વિસ્તારના મતદારો પણ મતદાન મથકો સુધી મતદાન કરવા માટે પહોંચ્યા હતા. જોકે આ વખતે ગ્રામીણ વિસ્તારોમાં પણ મતદાનનો ઉત્સાહ જોવા મળ્યો હતો.અનેક અટકળો વચ્ચે રાજકીય પક્ષો એકબીજા પર આક્ષેપ કરી સામાન્ય ફરિયાદો કરી હતી. પરંતુ તેમાં કોઈ તથ્ય ન જણાતા દાહોદના ચૂંટણી પંચે હાશકારો લીધો હતો. તો ઉચવાણીયા તરફ મધ્યપ્રદેશના લોકો આવીને મતદાન કરી રહ્યા હોવાની પહેલી ફરિયાદમાં સ્થળ ચકાસણી કરતા આમ આદમી પાર્ટીના એક સમર્થક ને કોઈપણ પુરાવો ન લઈને જતા એટલે મતદાન માટેનું કોઈ પણ જરૂરી પુરાવો ન જણાતા તેણે રોકવામાં આવ્યું હતું. અને તેના કારણે આક્ષેપ કરાય હોવાનું ફલિત થયું છે. એકંદરે દાહોદમાં છ એ છ વિધાનસભા સીટ પર પૂર્વાનુંમાન મુજબ કોઈ લોહિયાળ જંગ ન ખેલાતા અને શાંતિપૂર્ણ રીતે મતદાન થતાં તમામ રાજકીય પક્ષોમાં એક પ્રકારની અસમંજસતાનો જન્મ થવા પામ્યો છે. જોકે તમામ રાજકીય પક્ષોએ જંગી બહુમતીથી વિજય થવાના વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ત્યારે દાહોદ જિલ્લામાં ચૂંટણી જંગ ચૂંટણી પરિણામ બાદ જ ખબર પડશે. હાલ દાહોદ જિલ્લાના ૩૫ ઉમેદવારોના ભાવી ઈવીએમમાં સીલ થયા છે.ત્યારે આઠમી તારીખે મત ગણતરી માટે ની તૈયારીઓમાં પણ રાષ્ટ્રીય પક્ષો લાગી ગયા છે.દાહોદ જિલ્લામાં ૨૦૧૭ની ચૂંટણીમાં લીમખેડા ૭૦, બારીયા ૭૨, દાહોદ ૬૮, ઝાલોદ ૬૪, ગરબાડા ૫૯, તેમજ ફતેપુરામાં ૬૪ ટકા મળી જિલ્લાનું કુલ ૬૮.૨૦ ટકા મતદાન નોંધાયું હતું. જયારે આ વખતે ૨૦૨૨ ની ચૂંટણીમાં ફતેપુરામાં ૫૨.૦૮, ટકા, ઝાલોદમાં ૫૪.૫૪, લીમખેડા ૬૫.૨૦, દાહોદ ૫૬.૪૫, ગરબાડા,૪૮.૧૦, દે. બારીયા ૬૦.૪૮ એટલે સરેરાશ ૫૫.૮૦ ટકા મતદાન થવા પામ્યું છે.છેલ્લી ગણતરી પ્રમાણે દાહોદ જિલ્લાનું મતદાન ૫૮ થી ૬૦ ટકા વચ્ચેનું રહેવાનો અંદાજો સેવાઈ રહ્યો છે તો આ વખતે ૧૫ લાખથી વધુ મતદારો પૈકી ૪,૩૯,૫૨૨ જેટલાં પુરૂષ મતદારોએ જયારે ૪,૪૪,૮૬૮ મહિલાઓએ પોતાનો મતાઅધિકારનો ઉપયોગ કરી કર્યો હતો.ગત વિધાનસભાની ચૂંટણી સાથે સરખાવીએ તો દાહોદમાં ગત ચૂંટણીની પેટર્ન પ્રમાણે ચાલુ વિધાનસભાની ચૂંટણીમાં એજ પેટર્ન પ્રમાણે જે સીટ પર ઓછું મતદાન થયું હતું. ત્યાં ઓછું જ થવા પામ્યું હતું. અને જે સીટ પર વધુ મતદાન નોંધાયું હતું.ત્યાં આ વખતે વધુ મતદાન નોંધાયું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

૧૧ વાગ્યા સુધીમાં ૦૯ વીવીપેટ, ૦૨ કંટ્રોલ યુનિટ અને ૦૧ બેલેટ યુનીટ મળી કુલ ૧૨ વસ્તુ ખોરવાઈ હતી જે પૈકી ફતેપુરામાં એન ડીયુ અને સીયુ ખોરવાયું હતું. ઝાલોદમાં ૦૫ વીવીપેટ, લીમખેડામાં ૦૪ વીવીપેટ જ્યારે દાહોદ ૦૧ કંટ્રોલ યુનીટનો સમાવેશ થાય છે બીજી તરફ દાહોદ જિલ્લાના ૧૬૬૨ મતદાન મથકો પૈકી ૮૯૨ મતદાન મથકોનું લાઈવ વેબ કાસ્ટીંગ ચાલી રહ્યું છે અને એનું સર્વેલન્સ જિલ્લા ચુંટણી અધિકારી અને અન્ય ચુનંદા સ્ટાફ કરી રહ્યાં છે જ્યારે મીડીયા સર્વેલન્સ રૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. તમામ રાજકીય પક્ષો આક્ષેપ પ્રતિઆક્ષેપની ફરિયાદો કરી રહ્યાં છે જેમાં મુખ્યત્વે દેવગઢ બારીઆ બાજુ તો આમ આદમી પાર્ટીએ મધ્ય પ્રદેશના માણસો લાવી વોટીંગ કરાવી રહ્યાં હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. ઉપરોક્ત ખોટકાયેલ મશીન દરમ્યાન કોઈ જગ્યાએ મતદાન રોકાયું નથી અને ખોટકાયેલા મશીનોને તાત્લાકિ રીપેરીંગ કરી પુનઃ મતદાન કાર્ય શરૂં કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૦૬ વિધાનસભા બેઠક માટે આજ સવારના ૦૮ વાગ્યાથી મતદાન શરૂં થઈ ગયું હતું. પ્રથમ ૦૧ કલાક એટલે કે, ૦૯ વાગ્યા સુધી જિલ્લામાં કુલ ૪.૩૫ ટકા મતદાન થવા પામ્યું હતું જેમાં ફતેપુરા વિધાનસભામાં ૩.૭૯ ટકા, ઝાલોદમાં ૪.૨૭ ટકા, લીમખેડામાં ૪.૨૦ ટકા, દાહોદમાં ૪.૩૫ ટકા, ગરબાડામાં ૫.૩૩ ટકા અને દેવગઢ બારીઆમાં ૪.૦૦ ટકા મતદાન થવા પામ્યું હતું જ્યારે ૦૯ થી ૧૧ વાગ્યા સુધી કુલ ૧૬.૯૧ ટકા મતદાન થવા પામ્યું હતું જેમાં ફતેપુરામાં ૧૩.૧૮ ટકા, ઝાલોદમાં ૧૯.૦૬ ટકા, લીમખેડામાં ૧૭.૪૫ ટકા, દાહોદમાં ૧૭.૨૩ ટકા, ગરબાડામાં ૧૭.૯૩ ટકા અને દેવગઢ બારીઆમાં ૧૬.૪૧ ટકા મતદાન થયું હતું. વહેલી સવારની ઠંડીને પગલે મતદાનની ગતિ ધીમી જોવા મળી હતી પરંતુ બાદમાં ૦૯ વાગ્યા બાદ મતદારોનો ઘસારો જોવા મળ્યો હતો. દાહોદ જિલ્લામાં સવારના ૦૮ થી ૦૧ના સમયગાળા દરમ્યાન જિલ્લામાં કુલ ૩૪.૪૪ ટકા મતદાન થવા પામ્યું હતું જેમાં ફતેપુરા વિધાનસભામાં ૩૪.૬૧ ટકા, ઝાલોદમાં ૩૪.૬૯ ટકા, લીમખેડામાં ૪૦.૪૮ ટકા, દાહોદમાં ૩૧.૨૬ ટકા, ગરબાડામાં ૩૨.૬૯ ટકા અને દેવગઢ બારીઆમાં ૩૪.૧૯ ટકા મતદાન થવા પામ્યું હતું. બપોરના ૦૩ વાગ્યા સુધી દાહોદ જિલ્લામાં કુલ ૪૬.૧૭ ટકા મતદાન થયું હતું જેમાં ફતેપુરા વિધાનસભામાં ૪૭.૦૦ ટકા, ઝાલોદમાં ૪૬.૬૭ ટકા, લીમખેડામાં ૫૧.૭૨ ટકા, દાહોદમાં ૪૩.૭૭ ટકા, ગરબાડામાં ૪૩.૫૦ ટકા અને દેવગઢ બારીઆમાં ૪૫.૬૩ ટકા મતદાન થયું હતું. દાહોદ જિલ્લામાં મતદાન મથકે બપોર બાદ મતદારોનો ઘસારો જોવા મળ્યો હતાં. લાંબી લાઈનો મહિલા તથા પુરૂષ મતદારો ઉત્સાહભેર મતદાન કરતાં જોવા મળ્યાં હતાં.

## ફતેપુરા તાલુકાના મારગાળા પીપેર ફળિયા બુથ કેન્દ્ર ઉપર કોંગ્રેસના એજન્ટને ભાજપના કાર્યકરે પેટમાં ચપ્પુ માર્યુ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

૧૨૯ વિધાનસભા મતવિસ્તારની વિધાનસભાની ચૂંટણી યોજાઈ. જેમાં ફતેપુરા તથા સંજેલી વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન યોજાયું હતું. જ્યારે સુખસર વિસ્તારમાં પણ એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થવા પામ્યુ છે. જોકે મારગાળાના પીપેર ફળિયા બુથ કેન્દ્ર ઉપર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા કોંગ્રેસના એજન્ટ ઉપર ચપ્પુથી હુમલો કરતા એક વ્યક્તિને પેટમાં ચપ્પુ વાગ્યું હોવાનું જાણવા મળે છે. અને ઈજાગ્રસ્તને સુખસર સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. ચૂંટણી સંબંધી થયેલ તકરાર ઉગ્ર સ્વરૂપ ધારણ કરે નહીં તે હેતુથી પોલીસ કાફલો મારગાળાના પીપેર ફળિયા બુથ કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા વિધાનસભા મતવિસ્તારની યોજાયેલ ચૂંટણી પ્રક્રિયામાં કુંડલાના ઉમરી માળ ફળિયા બુથ કેન્દ્રમાં સામાન્ય બોલાચાલી તથા મારગાળાના પીપેર ફળિયા બુથ કેન્દ્ર ઉપર ભાજપના કાર્યકર્તા દ્વારા કોંગ્રેસના એજન્ટને ચપ્પુ મારવાના બનાવને બાદ કરતાં ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થવા પામી છે. જેમાં કુંડલાના ઉમરી માળ ફળિયા બુથ કેન્દ્ર ઉપર ચૂંટણી સંબંધી સામાન્ય બોલાચારી થઈ હતી. પરંતુ સમજાવટથી મામલો થાળે પડ્યો હતો. જ્યારે મારગાળાના પીપેર ફળિયા બુથ કેન્દ્ર ઉપર કોંગ્રેસના એજન્ટ રમણભાઈ મલીયાભાઈ ભગોરાનાઓ દ્વારા ભાજપ તરફી બોગસ મતદાન નહીં કરવા દેતા ઉશ્કેરાયેલા ભાજપના કાર્યકર્તા દ્વારા રમણભાઈ ભગોરાને પેટમાં ચપ્પુ હલાવ્યું હતું. જેઓને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રમણભાઈ ભગોરાને વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

## ૧૩૩ ગરબાડા વિધાનસભામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરાય

ગરબાડા,

૧૩૩ ગરબાડા વિધાનસભામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી ૫૦% મતદાન કરવા માટે વહેલી સવારથી જ લાઈનો લાગેલી જોવા મળી હતી બપોરના ત્રણ વાગ્યા સુધીની વાત કરીએ તો ૪૩.૫૦ ટકા મતદાન થયું હતું એક અંદાજ અનુસાર મતદાન પ્રક્રિયા પૂર્ણ થવા સુધીમાં અંદાજિત ૫૦% ની અંદર મતદાન થયું હોવાનું અનુમાન લગાવી શકાય તેમ છે જોકે અમુક જગ્યાએ નાના મોટા છમકલાઓ પણ થયા આવવાની ચર્ચાઓ સાંભળવા મળી રહી હતી.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાના ભિલવા ગામે મુખ્ય પ્રાથમિક શાળામાં બુથ નંબર ૩ નું ચદળ મશીન ખોટકાતા મતદારો ૩૦ મિનિટ સુધી લાઇનોમાં બેસવા મજબૂર બન્યા હતા આ બાબતની જાણ થતાંની સાથે જ ગરબાડા ચુંટણી અધિકારી, મામલતદાર અને ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા સહિત ના લોકો ભિલવા ગામે આવેલ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે દોડી આવ્યા હતા અને અધિકારીઓ દ્વારા ચદળ મશીન ફરીથી શરૂ કરી અને મતદાન શરૂ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા દ્વારા મતદાન પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ચુંટણી અધિકારી ને અપીલ કરી હતી.

ગરબાડા તાલુકાની કુમારશાળા ખાતે ગરબાડા ગામના દિવ્યાંગ મતદાર તાહેર ચલાવાલા સતત ચૂંટણીમાં મતદાન કરતા આવ્યા છે અને આજે ગરબાડા કુમારશાળા ખાતેથી તેઓએ મતદાન કર્યું હતું જ્યારે ગામની ભાભોર પડ્યાની એક વિકલાંગ મહિલા બીમાર હોવા છતાં બોટલ ચડાવ્યા બાદ તાલુકા કુમાર શાળા ખાતે મતદાન કરવા માટે પહોંચી હતી તે સિવાય પણ ૧૩૩ વિધાનસભામાં અનેક વિકલાંગ મતદારો પોતાના વિસ્તારના બુથ ઉપર મતદાન કરવા માટે પહોંચ્યા હતા.

## ઝાલોદ ૧૩૦ વિધાનસભામાં મતદાન કરી ૧૦૦ વર્ષના માંજી એ લોકશાહીનો પર્વ ઉજવ્યો


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

લોકશાહીનો ઉત્સવ એટલે મતદાન.... બીજા તબક્કામાં ૫ ડિસેમ્બરના રોજ ૧૩૦ ઝાલોદ વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ વર્ષના માતાજી દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. પાર્વતીબેન નારણભાઈ પટેલ જેઓ ઝાલોદ મુવાડા ખાતે તળાવ ફળિયામાં રહે છે તેમના આધાર કાર્ડ મુજબ તેમની જન્મ તા.૨૦-૦૨-૧૯૨૨ છે તે મુજબ તેમની ઉંમર ૧૦૦ વર્ષની થાય છે. ૧૦૦ વર્ષના માજી દ્વારા તેમના પરિવારના સભ્યો સાથે મતદાન કરવા માટે તેમના મતદાન મથકે પહોંચી મતદાન કર્યું હતું. પાર્વતીબેનના ચહેરા પર મતદાન કર્યાનો અનેરો ઉત્સાહ જોવાતો હતો તેમણે આ ઉંમરમાં મતદાન કરી લોકશાહીના ઉત્સવને સાચા અર્થમાં સાર્થક કરી હતી. તેમને મતદાન કરતા જોતા લોકમાં પણ મતદાનને લઈ ઉત્સાહ વધ્યો હતો.

## ૮૦ વર્ષના વડીલ લુંજીબેનનો મતદાન કરવા માટે સહાયનો ફોન આવ્યો અને તંત્રની ટીમ તાબડતોબ પહોંચી



દાહોદ,

દાહોદ જિલ્લામાં સવારથી જ મતદારોમાં મતદાન માટેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે અહીંના દિવ્યાંગ મતદારો માટે સુવિધા કેન્દ્ર ઉપર જિંદગીના ૮૦ થી વધુ દાયકા જોય લીધા હોય એવા વૃદ્ધ મહિલાનો ફોન આવ્યો કે તેને નજીકમાં આવેલા મતદાન મથકે જવા સહાયની જરૂર છે. ફોન આવતાની સાથે જ આસીસ્ટન્ટ નોડલ ફોર પીડબ્લયુડી આર.પી. ખાંટાની ટીમ સેવા સદનથી ગાડી લઈને ગરબાડાના અભલોડ ગામ ખાતે ઉપડી ગઇ અને ૮૦ વર્ષથી વધુના લુંજીબેન ભાભોરના ઘરે પહોંચી.

લુંજીબેનને તેમના ઘરેથી મતદાન મથક અને મતદાન મથકે મતદાન કરાવીને વ્હીલચેરની મદદથી ઘર સુધી પહોંચાડયા. સુરક્ષા દળના જવાનો પણ લુંજીબેનની મદદે દોડી ગયા હતા અને તેમને મતદાન કરવામાં મદદ કરી હતી. લુંજીબેને આ ઉંમરે આટલી સુવિધા સાથે મતદાન કરવા મળ્યું એટલા માટે સૌને આર્શીવાદ આપ્યા હતા. દિવ્યાંગ મતદારો માટે સુવિધા કેન્દ્રની ટીમે આજે ઘણાં સીનીયર સિટીઝન, અશકત મતદારોની મદદ કરી હતી.

વૃદ્ધ-દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે એ માટે જિલ્લાના તમામ મતદાન મથકોને ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રખાયા છે. તેમજ મતદાન મથકો ખાતે વ્હીલચેર સહિતની તમામ સુવિધાઓ અપાઇ રહી છે. જિલ્લા ચૂંટણી તંત્ર એ વાતની ખાસ ચીવટ રાખી રહ્યું છે કે એક પણ મતદાતા મતદાન ચૂકે નહીં.

## દાહોદ જિલ્લાના ૮૯૨ મતદાન મથકોનું લાઈવ વેબકાસ્ટીગ, ઉચ્ચ અધિકારીઓ સહિત ટીમની બાજ નજર



દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ રહી છે ત્યારે જિલ્લા સેવા સદન ખાતેની ગ્રીન બિલ્ડીંગ ખાતેના કંટ્રોલ રૂમ પરથી લાઇવ વેબકાસ્ટીંગ થકી બિગ સ્ક્રિન સહિત ૭૫ થી વધુ મોનિટર ઉપર જિલ્લા ચૂંટણી અધિકારી, ઓબ્ઝર્વરઓ સહિતના અધિકારીઓ સહિત ૮૦ થી વધુનો સ્ટાફ ૮૯૨ સંવેદનશીલ મતદાન મથકો ઉપર ચાંપતી નજર રાખી રહ્યો છે. કોઇ પણ મતદાન મથક ઉપર ઇવીએમ ખોરવવાથી લઇને નાની મોટી સમસ્યાઓ સામે યુદ્ધના ધોરણે એકશન લેવામાં આવે છે સંબધિત અધિકારીને સૂચિત કરાય છે અને સમસ્યાઓનો તાબડતોબ નિકાલ કરાય છે. કલેકટર ડો. હર્ષિત ગોસાવી અહીંના વેબકાસ્ટીંગ રૂમ ખાતે સતત ઉપસ્થિત રહીને જાતે જ મોનિટરિંગ કરી રહ્યાં છે અને સંબધિત અધિકારીઓને સૂચિત કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, આજે સવારે મોકપોલ પક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ થયો છે. અહીંના ૮૯૨ પોલીગ સ્ટેશનનું અહીંથી લાઈવ વેબકાસ્ટીગ થઈ રહ્યું છે. તેમજ ઈવીએમ વગેરે સમસ્યાઓનો ઝડપી નિકાલ કરાઈ રહ્યો છે. અહીંથી તુરત સેક્ટર ઓફિસર, આરઓને જાણ કરીને સમસ્યાને તુરત દૂર કરાઈ છે. સ્માર્ટ સિટીના ગ્રીન બિલ્ડિંગ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી, જનરલ ઓબ્ઝવર્સ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી સહિતના ઉચ્ચ અધિકારીઓ વેબકાસ્ટીગ કંટ્રોલ રૂમ ખાતે વહેલી સવારથી જ મોનિટરીગ કરી રહ્યા છે અને જિલ્લામાં ચૂંટણી સંબંધી તમામ બાબતોનું ધ્યાન રાખી રહ્યાં છે. કયાંક કશી નાની મોટી સમસ્યા સર્જાય તો તુરત નિકાલ કરવામાં આવી રહ્યો છે.


દાહોદ જિલ્લામાં મતદાન મથકે બંદોબસ્તમાં લાગેલા સુરક્ષા દળના જવાનો વૃદ્ધ-અશક્તોની ઉત્સાહ સાથે મદદ કરી રહ્યાં છે. તેમની સેવા અને મદદ કરવાની ભાવના કાબીલે દાદ છે. કોઈ વૃદ્ધ કે અશકત, દિવ્યાંગ વ્યક્તિ હોય તો સુરક્ષા દળના જવાનો તુરત જ મદદે દોડી જાય છે અને મતદાન કરવામાં મદદ કરે છે. જવાનોની મદદ કરવાની ભાવના જોઈને સૌ કોઈ સુરક્ષા દળો માટે ગર્વની લાગણી અનુભવી રહ્યું છે.


દાહોદ કલેક્ટર ડો. ગોસાવી અને તેમના ધર્મપત્ની આજે સામાન્ય માણસની જેમ મતદાન મથકે કતારમાં ઉભા રહ્યા હતા અને તેમનો વારો આવ્યે તેમણે મતદાન કર્યું હતું. તેમણે અહીં ઉભા કરાયેલા સેલ્ફી પોઈન્ટ ખાતે સેલ્ફી લઈને મતદાન કરવાનો આનંદ વ્યકત કર્યો હતો. આ સખી મતદાન મથકે પ્રિસાઈડીંગ ઓફિસરથી લઈને સુરક્ષા વ્યવસ્થા સહિતનો તમામ સ્ટાફ મહિલા સંચાલિત છે. તેમજ મતદાન મથકને સુંદર રીતે શણગારવામાં પણ આવ્યું છે.

### દાંતિયા આશ્રમ શાળામાં ચુંટણીમાં

## પોલીસ ફોર્સ માટે વ્યવસ્થા કરવા જનારને કોંગ્રેસના માણસો છો તેમ કરી માર મારવામાં આવ્યો

દાહોદ,

દાતીયા આશ્રમ શાળામાં ચુંટણીમાં બહારથી આવનાર પોલિસ ફોર્સના રહેવા માટે રૂમ તથા ગાદલાની સગવડ કરવા ગાડી લઈને જઈ રહેલા વ્યક્તિને લીમડી કારઠ રોડ પર ભાજપ પક્ષના કાર્યલય સામે ચારેક જણાએ રોકી ગાડીમાંથી નીચે ઉતારી તું કોંગ્રેસ પક્ષનો માણસ છે અને કોંગ્રેસ પક્ષનો પ્રચાર કરવા જાય છે કહી બે ત્રણ ઝાપટ મારી તથા ગડદાપાટુનો મારમારી ઈજાઓ કરી ગાડીનો કાચ તોડી નાંખી નુકશાન પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ પંચાલ સોસાયટીમાં રહેતા સુનીલભાઈ માનસીંગભાઈ બારીયા તથા તેમના માણસો તેમની જીજે૨૦ એન-૮૨૬૭ નંબરની સ્વીફટ ડીઝાયર ગાડી લઈ દાંતીયા આશ્રમ શાળામાં ચુંટણીમાં બહારથી આવનાર પોલિસ ફોર્સના રહેવા માટે રૂમ તથા ગાદલાની સગવડ કરવા જઈ રહ્યા હતા તે દરમ્યાન લીમડી નગરમાં કારઠ રોડ પર આવેલ ભાજપ કાર્યલય સામે ઉભેલા રૂપાખેડા ગામના રણવીરભાઈ ભુરીયા તથા બીજા બે ત્રણ જણાએ ભેગા મળી સુનીલભાઈ માનસીંગભાઈ બારીયાને સ્વીફટ ડીઝાયર ગાડી રોકી સુનીલભાઈ બારીયાને ગાડીમાંથી નીચે ઉતારીબેફામ ગાળો બોલી તું કોંગ્રેસ પક્ષનો માણસ છે અને કોંગ્રેસ પક્ષનો પ્રચાર કરવા જાય છે તેમ કહી સુનીલભાઈને મોઢાના ભાગે બે ત્રણ ઝાપટ મારી તથા ગડદાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાંખવાની ધાકધમકી આપી હતી. આ સંબંધે ઝાલોદ પંચાલ સોસાયટીમાં રહેતા સુનીલાઈ માનસીંગભાઈ બારીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલિસે ઈપિકો કલમ ૩૪૧, ૩૨૩, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.89

# પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભાની બેઠકો ઉપર સરેરાશ ૬૨.૦૩ ટકા મતદાન નોંધાયુ

- પાંચ બેઠકો ઉપર શાંતિપુર્ણ માહોલમાં મતદાન પુર્ણ.
- શહેરી વિસ્તારમાં મતદારોનું નિરસ મતદાન.

ગોધરા, પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર વહેલી સવારથી મતદાન મથકો ઉપર મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચવાની શરૂઆત કરી હતી. જિલ્લાની પાંચ બેઠકો ઉપર સાંજે ૫ વાગ્યા સુધીમાં સરેરાહ ૬૩.૦૩ ટકા મતદાન નોંધાવવા પામ્યુ છે. પાંચ વાગ્યાના ટકોરે જિલ્લાની પાંચ બેઠકોના ૩૪ ઉમેદવારોના ભાવિ ઈ.વી.એમ.મમાં સીલ થયા હતા. જિલ્લામાં શાંતિપુર્ણ માહોલમાં મતદાન પુર્ણ થતાં જિલ્લા ચુંટણી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

પંચમહાલ જિલ્લાની ૫ વિધાનસભા બેઠકો ગોધરા, કાલોલ, હાલોલ, મોરવા(હ), શહેરા બેઠકો ઉપર સવારે ૮ વાગ્યાથી મતદાન મથકો ઉપર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સવારે બે કલાક સુધી મતદારશોએ ઉત્સાહપુર્વક મતદાન કર્યુ હતુ. શહેરી વિસ્તારના મતદારોમાં મતદાન માટે નિરસતા જોવા મળી હતી. બીજી બાજુ ગ્રામ્ય વિસ્તારોના મતદારોએ ઉત્સાહપુર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. તેમ કરતા જોવા મળ્યા હતા. વિધાનસભાની પ્રથમ તબકકાના મતદાન માટે મતદારોના નિરસ મતદાનને લઈ રાજકિય પક્ષો દ્વારા બીજા તબકકાના મતદાનમાં ભારે પ્રમાણમાં મતદાન થાય તે માટે મતદાન કરવા માટે પાર્ટીઓ દ્વારા જનસભાઓમાં અપીલ કરતા જોવા મળ્યા હતા. તેમ છતાં આજે બીજી તબકકાની મતદાન અને લોકશાહીના પર્વમાં પણ મતદારો મતદાન મથક સુધી પહોંચવામાં નીરસ જોવા મળ્યા છે. તેમાં પણ શહેરી વિસ્તારોમાં મતદારો મતદાન માટે નિરસતચા દર્શાવી હોવાનુ જણાઈ રહ્યુ છે. જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર સાંજે પાંચ વાગ્યા સુધી સરેરાશ ૬૩.૦૩ ટકા મતદાન નોંધાવવા પામ્યુ છે. જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર દિવસ દરમિયાન કોઈ અનીચ્છનીય ઘટના વગર શાંતિપુર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પુર્ણ થતાં જિલ્લાની પાંચ બેઠકો ઉપર ચુંટણી લડતા ૩૪ ઉમેદવારોના ભાવિ ઈ.વી.એમ.મશીનજમાં સીલ થયા છે. તમામ રાજકિય પાર્ટીના ઉમેદોવારો પોતાની જીતના દાવાઓ કરી રહ્યા છે.



**પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર નોંધાયેલ મતદાનની ટકાવારી**

| | |
|---|---|
| શહેરા | ૬૪.૭૭ ટકા |
| મોરવા(હ) | ૫૬.૦૧ ટકા |
| ગોધરા | ૬૩.૬૫ ટકા |
| કાલોલ | ૬૩.૦૫ ટકા |
| હાલોલ | ૬૧.૩૨ ટકા |







પંચમહાલ વિધાનસભાના ભાજપના ઉમેદવારોએ પોતાના પરિવાર સાથે તાલુકા પ્રેસ પર મતદાન કરી અન્ય લોકોને પણ વધુમાં વધુ મતદાન કરે તેવી અપીલ કરી.



## ગોધરામાં દિવ્યાંગજનોએ વ્હિલચેર જેવી સુવિધાઓનો લાભ લઈ, જિલ્લા ચૂંટણી તંત્રનો અભાર વ્યક્ત કર્યો



ગોધરા, પંચમહાલ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં દિવ્યાંગજનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૧-દિવ્યાંગજનો સંચાલિત મતદાન મથક, (આમ જિલ્લામાં કુલ-૫ દિવ્યાંગજનો સંચાલિત મતદાન મથકો) તૈયાર કરવામાં આવ્યા હતા. જે મતદાન મથકો પર તમામ સ્ટાફ જેવા કે, પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર, તથા અન્ય સ્ટાફ તરીકે દિવ્યાંગ અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવી હતી.

જે અંતર્ગત ગોધરા મતવિસ્તારમાં આવેલ તાલુકા પંચાયત કચેરીના નવિ બિલ્ડીંગ ખાતે સ્થિત PWD મતદાન મથક ખાતે દિવ્યાંગજનોએ લોકશાહીને મજબૂત કરવા માટે ઉમળકાભેર મતદાન પ્રક્રીયામાં જોડાઈ પોતાના મતાધિકારાનો ઉપયોગ કર્યો હતો. જિલ્લાચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથક પર વ્હિલચેર જેવી વ્યવસ્થા કરવામાં આવતા દિવ્યાંગજનોએ તેનો લાભ લઈ જિલ્લા ચૂંટણી તંત્રનો અભાર વ્યક્ત કર્યો હતો.

## ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા પંચમહાલ જિલ્લામાં ૩૫ સખી મતદાન મથકો તૈયાર કરાયા



ગોધરા, પંચમહાલ જિલ્લામાં બીજા તબક્કાનું મતદાન આજે થઈ રહ્યું છે ત્યારે જિલ્લામાં કુલ-૧૫૧૦ મતદાન મથકો આવેલ છે. જે મતદાન મથકો પૈકી ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા અને જેન્ડર ઈક્વાલિટીને પ્રોત્સાહન આપવા માટે દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૭(સાત) "સખી" મતદાન મથકો (આમ જિલ્લામાં કુલ ૩૫-સખી મતદાન મથકો) તૈયાર કરવામાં આવ્યા છે.

તે અંતર્ગત ગોધરા વિધાનસભા મતવિસ્તરના ગોવિંદી ખાતે સખી મતદાનમથક ઊભું કરવામાં આવ્યું છે. જેમાં આ મતદાન મથક સંપૂર્ણપણે બહેનો દ્વારા સંચાલિત છે તથા લાંબી કતારોમાં મતદારો મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા.

આ મતદાન અંગે પ્રતિભાવ આપતા જગદીશભાઈ બારીયા જણાવ્યું હતું કે બહેનો દ્વારા સંચાલિત આ મતદાન મથકમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાઈ રહ્યું છે. લોકશાહીને મજબૂત કરવા માટે હું પણ મત આપવા માટે આ મતદાન મથકે આવ્યો છું. અહીંનો માહોલ જોઈ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સખી મતદાન મથકમાં મતદાન અંગે સારી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તથા મતદારો ઉત્સાહપૂર્વક તેમના મતનો ઉપયોગ કરી રહ્યા છે.

## કાલોલના ગોદલી ગામે કોંગ્રેસ ના ઉમેદવારે તેમનાજ એજન્ટ ને લાફો ચોડી દેતાં ગ્રામજનોમાં રોષ



- કોંગ્રેસ ના ઉમેદવારે તેમનાજ એજન્ટ ને લાફો માર્યો.
- ગામના યુવાન ને લાફો મારતા ગ્રામજનો રોષે ભરાઈ કાર નો કાચ તોડ્યો.
- ભાજપ ના આગેવાનો કોંગ્રેસ ના ઉમેદવાર ની મદદે આવ્યા.
- ગોદલી બુથ ઉપર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા સેના ના જવાન નો ચુસ્ત બંદોબસ્ત.

ગોધરા, કાલોલ વિધાનસભા મત વિસ્તારમાં આવતા ગોદલી ગામે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન ચાલી રહ્યુ હતુ અને મતદારો મતદાન કરવા માટે મોટી સંખ્યા માં ઉમટી પડ્યા હતા તે સમયે કોંગ્રેસ ના ઉમેદવાર પ્રભાતસિંહ ચૌહાણ બુથ ઉપર આવ્યા હતા અને તેમના દ્વારા બેસાડેલા કોંગ્રેસ નાં એજન્ટ સુરેશ બારીયાને મતદાન વિશે પૂછ પરછ કરી વિગત માંગતા હતા ત્યારે એજન્ટ જોઈ ને કહ્યુ તેમ કહી માહિતી જોઈ રહ્યા હતા માહિતી કાઢવામાં થોડી વાર લાગતા ઉમેદવારે પોતાના એજન્ટ ને લાફો મારી દીધો હતો એજન્ટ ગોદલી ગામનો હોય પોતાના ગામના યુવક ને લાફો મારી દેતા ગ્રામજનો ઉશ્કેરાયા હતા અને ઉમેદવાર ની કાર ઉપર પથ્થર મારી કાચ તોડ્યો હતો.

કેટલાક ભાજપ ના આગેવાનો એ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો ગોદલી ગામે બબાલ થઈ હોવાની ભાજપ ના ઉમેદવાર ને ખબર પડતાં તેઓ તાત્કાલિક ગોદલી કાચલાં ફળિયા બુથ ઉપર પહોંચી બનાવ ની વિગત મેળવી હતી અને ગ્રામજનોને શાંતિ જાળવી મતદાન કરવા અપીલ કરી હતી.

## પંચમહાલ ઓબ્ઝર્વરઓએ વેબ કાસ્ટિંગ કંટ્રોલ રૂમ અને મીડિયા મોનિટરીંગ સેન્ટરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું



ગોધરા, પંચમહાલ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત આજે મોકપોલ પક્રિયા પૂર્ણ થયા બાદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ થયો છે. અહીંના ૭૫૭ પોલિંગ સ્ટેશનનું ગોધરા ખાતેથી લાઈવ વેબ કાસ્ટિંગ થઈ રહ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રા દ્વારા તાત્કાલિક આદેશ આપી વિવિધ સમસ્યાઓનો ઝડપી નિકાલ કરાઈ રહ્યો છે. અહીંથી તાત્કાલિક સેકટર ઓફિસર, આરઓને જાણ કરીને સમસ્યાને તાત્કાલિક દૂર કરાઈ રહી છે.

પંચમહાલ જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી માટે નિમાયેલા ઓબ્ઝર્વરઓએ વેબ કાસ્ટિંગ કંટ્રોલ રૂમ અને મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લઈ નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા.

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતેથી ૭૫૭ મતદાન મથકોનું લાઈવ વેબકાસ્ટિંગ થકી નજર રાખવામાં આવી રહી છે અને કોઈપણ પ્રકારની મુશ્કેલીને તાત્કાલિક દૂર કરવામાં આવી રહી છે. જિલ્લામાં હાલોલ વિધાનસભા મત વિસ્તારમાં ૧૭૩ બુથો, કાલોલ વિધાનસભા વિસ્તારમાં ૧૩૨ બુથો, ગોધરા વિધાનસભા વિસ્તારમાં ૧૫૮, શહેરા વિધાનસભા વિસ્તારમાં ૧૯૦ તથા મોરવા હડફ વિધાનસભા વિસ્તારમાં ૧૦૪ બુથો પર લાઈવ વેબ કાસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

## વેજલપુર ગામમાં શાંતિ પૂર્ણ માહોલ વચ્ચે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ૧૧ ભાવિ ઉમેદવારનું ભાવિ EVM મસીનો માં સીલ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ વિધાનસભા બેઠક વિસ્તારમાં આવેલ વેજલપુર ગામના ૧૧ બુથો ઉપર લોખંડી પોલીસનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો અને વેજલપુરના તમામ બુથો ઉપર શાંતિ પૂર્ણ મતદાન યોજાયું કાલોલ વિધાનસભા બેઠક ૧૧ ભાવિ ઉમેદવારનું ભાવિ આજે ઈવીએમ મસીનોમાં પુલિંગ એજન્ટ અને ચૂંટણી અધિકારીઓની હાજરીમાં સીલ કરવામાં આવ્યું અને તમામ ઈવીએમ મસીનો સહી સલામત સ્થળે પોહચડવામાં આવિયા ત્યારે વેજલપુર ગામમાં શાંતિ પૂર્ણ માહોલમાં લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિ પૂર્ણ મતદાનમાં યોજાયું હતું અને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ કાલોલ વિધાનસભા બેઠકના ૧૧ ભાવિ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મસીનોમાં સીલ કરી દેવાયું ત્યારે વાત કરીએ તો વેજલપુર ગામના ટોટલ મતદાર ૯૫૮૫ છે અને વેજલપુર ગામા ૧૧ બુથો આવેલ છે ત્યારે તમામ બુથો ઉપર ૭૦૦૦નું મતદાન થયું હતું ત્યારે માત્ર વેજલપુર ગામમાં ૭૦.૯૨% ટકા મતદાન નોંધાયું હતું અને કન્યા શાળાના બુથ ઉપર સીનચર સીટી ઝન વિલચેર ઉપર મતદાન કરવા આવેલ સીનચર સીટી ઝન મતદારને ફૂલ આપી સમ્માન સાથે મતદાન કરવવામાં આવ્યું હતું અને સ્વથી વધારે મતદાન ગ્રામ પંચાયતના બુથ ઉપર આવેલ મતદાન મથકે મતદાન કરવામાં આવ્યું હતું અને મોડી સાંજ સુધી લાંબી કતાર જોવા મળી હતી અને સાંજે ૫.૪૫ સુધી વેજલપુર ગ્રામ પંચાયતના બુથ ઉપર લાંબી કતારને લય મોડી સાંજ સુધી મતદાન યોજાયું હતું અને હવે તમામ ઉમેદવારનું ભાવિ ઈવીએમમાં સીલ થતા કોની કિસ્મત ચમકશે અને કોણ બાજી મારશે તે હવે આવનાર તા.૮/૧૨/૨૦૨૨ ના રોજ ઈવીએમના સીલો ખુલશે ત્યારે ખબર પડશે.

## શહેરાના ગમન બારીયાના મુવાડા ગામેથી ૨૪ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

શહેરા, શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડા ગામથી ગઢ ગામ તરફ જતા રસ્તાની બાજુ સીમમાંથી બિનવારસી ઈંગ્લીહ દારૂ રૂ.૨૪,૦૦૦/-મળી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડા ગામથી ગઢ ગામ તરફ જવાના રસ્તાની બાજુમાં સીમમાંથી બિનવારસી હાલમાં ઈંગ્લીશ દારૂના કવાટર્સ નંગ-૨૪૦ જેની કિ.રૂ.૨૪,૦૦૦/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## શહેરા તાલુકાના પાનમ જળાશય વચ્ચે આવેલ સીમલેટ બેટ પર રહેતા મતદારોએ નાવડીમાં બેસીને મહેલાણ ખાતે મતદાન મથકે પહોંચી પોતાના મતધિકારીનો ઉપયોગ કર્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના પાનમ જળાશય વચ્ચે આવેલ સીમલેટ બેટ પર રહેતા મતદારોએ નાવડીમાં બેસીને મહેલાણ ખાતે આવેલા મતદાન મથકે પહોંચી પોતાના મતધિકારીનો ઉપયોગ કર્યો હતો.

શહેરામાં વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીનું મતદાન સોમવારના રોજ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થવા સાથે મતદારોએ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું, વિધાનસભા બેઠકમાં સમાવેશ થતા તાલુકાના પાનમ ડેમના કેચમેન્ટ એરિયામાં આવેલ સીમલેટ બેટ ઉપર વસતા મતદારો પણ જીવના જોખમે નાવડીમાં બેસીને મહેલાણ ખાતે આવેલા મતદાન મથક ખાતે મતદાન કરવા પહોંચ્યા હતા, મહત્વનું છેકે સીમલેટ બેટ ઉપર કુલ ૨૦૦કરતા વધુ મતદારો આવેલા હોવા સાથે અહીં વસવાટ કરતા લોકો ને અવર જવર કરવા માટે માત્ર નાવડી નો જ એક સહારો છે,ત્યારે આજે સીમલેટ બેટ ઉપર રહેતા મતદારો પાનમ નદીમાં નાવડી મારફતે મતદાન મથક ઉપર પહોંચી ઉત્સાહ પૂર્વક મતદાન કરી પોતાનો મતધિકારનો ઉપયોગ કર્યો હતો. જોકે સીમલેટ બેટ ઉપર રહેતા મતદારોએ આજે મતદાન તો કર્યું પરંતુ ચૂંટણી બાદ જે પણ પક્ષના ઉમેદવાર ચૂંટણી જીતશે તે ઉમેદવાર સીમલેટ બેટ ઉપર રહેતા મતદારો માટે કંઈક વિચારશે કે કેમ તે જોવું રહ્યું !! અહીના મતદારો દરેક ચૂંટણીમાં મત આપતા હોય છે. જ્યારે આ વખતે પણ આ ચૂંટણીમાં તેમને પસંદગીના ઉમેદવારને જીતાડવા માટે મત નાખ્યો હોય ત્યારે અહીં લાઈટની સુવિધા સહિત અનેક સુવિધાઓ આવનાર સમયમાં ઉપલબ્ધ થાય તેવી આશા પણ રાખતા હોય છે.

પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થવા સાથે જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક માથી શહેરા વિધાનસભા બેઠક પર સૌથી વધુ ૬૪.૭૭% ટકા મતદાન નોંધાયું હતું જોકે જે રીતે ગ્રામીણ વિસ્તારમાં મતદાન કરવા માટે મતદારોની લાંબી કતારો જોવા મળી રહી હતી. તેને જોતા મતદાનનો આંકડો આના કરતાં વધારે જાય તેવી શક્યતાઓ પણ જોવા મળી રહી હતી હાલ તો ચૂંટણી પૂર્ણ થતા તંત્રને પણ હાશકારો થયો હતો.